# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૨૬, સમયસાર ગાથા ૩૦ તથા ૩૧
# તા. ૧૬-૧૦-૮૭

સમયસાર ગાથા ૩૦ મી. ૩૧ ગાથા લેવી છે. ઈન્દ્રિયજ્ઞાનને જીતવાની ગાથા, એની પૂર્વ ભૂમિકામાં ૩૧ ગાથા આવવાનું શું કારણ છે એની પૂર્વ ભૂમિકા ૩૦ (ગાથા)માં છે. જીવોની ધર્મના બહાના નીચે પણ ક્યાં ભૂલ થાય છે એ આમાં બતાવવામાં આવ્યું છે. ૩૦ ગાથાની ઉપર શિષ્ય પ્રશ્ન કરે છે.

**હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે,** આ આત્મા છે એ દેહમાં રહેલો છે. તે દેહનો સ્વામી છે. આત્મા-આત્મા છે કે જે દેહમાં છે એ દેહનો સ્વામી અધિષ્ઠાતા એટલે સ્વામી છે. **તેથી શરીરના સ્તવનથી,** વ્યવહારનયની મુખ્યતાથી પ્રશ્ન કરે છે. એને ખબર નથી કે આત્મા આત્માનો સ્વામી છે અને દેહનો સ્વામી નથી. એ અજ્ઞાનીને ખબર નથી. દેહ જણાય છે એને તો દેહને જ આત્મા માને છે. તો કહે છે કે **આત્મા તો શરીરનો અધિષ્ઠાતા એટલે સ્વામી છે તેથી શરીરના સ્તવનથી,** તીર્થંકર ભગવાનનું શરીર જોઈ અને હું તો સ્તવન કરું છું. અને સ્તવન કરું છું, વંદન કરું છું, પૂજા કરું છું તો મને ધર્મ થઈ ગયો. કે તારી ભૂલ થાય છે. એ સ્તવનથી ધર્મ થતો નથી.

**શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?** આચાર્યભગવાન કહે છે કે શરીરના સ્તવનથી આત્માનું સ્તવન, સ્તુતિ, ભકિત થઈ શકતી નથી. ભગવાનની શરીરની ભકિત કરતાં આત્માની ભકિત થઈ શકતી નથી. કેમ કે તું શરીરને જ આત્મા માની રહ્યો છો. તું તીર્થંકર કેવળીના શરીરને જ આત્મા માની રહ્યો છો. એ શરીરમાં રહેલો તીર્થંકર ભગવાનનો આત્મા કેવળી શરીરથી ભિન્ન છે. એની તો તને ખબર નથી. તું શરીરને જ તીર્થંકર માની રહ્યો છો. એ તારી ભૂલ થાય છે.

**આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?** નિશ્ચયનયે જોવામાં આવે તો આચાર્ય ભગવાન કહે છે કે પોતાના શુધ્ધાત્માની અંતરસન્મુખ થઈ ઈન્દ્રિયજ્ઞાનને જીતીને અતીન્દ્રિયજ્ઞાન વડે પોતાના શુધ્ધાત્માને અનુભવવો એને ભગવાન નિશ્ચયસ્તુતિ કહે છે, એને નિશ્ચય ભકિત, વંદન કહે છે. એ તો તું કરતો નથી. તો એ કેમ યુકત નથી? વ્યાજબી નથી? શરીરના સ્તવનથી આત્માનું સ્તવન કેમ ન થાય? અમે તો શરીરને જ આત્મા માનીએ છીએ. શરીરથી જુદો અમને આત્મા દેખાતો પણ નથી. દેખાય તો સ્તુતિ કરીએ ને? તીર્થંકર ભગવાનનું રૂપ દેખાય છે અને તેનું સ્તવન કરીએ છીએ. તો એ તો અમારી સ્તુતિ થઈ ગઈ. કે ના એ સ્તુતિ નથી. **એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા**

કહે છે.

સ્તુતિ નથી એટલે વ્યવહારસ્તુતિ છે સંસારનું કારણ. મોક્ષનું કારણ એ નિશ્ચયસ્તુતિ નથી. હા.. વ્યવહારસ્તુતિ તો અનંતવાર કરી જીવે, પણ નિશ્ચયસ્તુતિ એક સમયમાત્ર પણ કરી નથી. ભગવાનની આરતી ઉતારી, પૂજા કરી બબ્બે-ચાર ચાર કલાક એના શરીરને જોઇને. આ ચંદ્રપ્રભુ બિરાજમાન છે એના શરીરને જોઇને બધું કામ કર્યું. કહે છે કે એ શરીરની સ્તુતિથી આત્માની સ્તુતિ થતી નથી. વ્યવહારસ્તુતિ છે. શુભભાવ થાય અને એ શુભભાવ પણ શરીરને આત્મા માનીને સ્તુતિ કરી રહ્યો છો એટલે કષાયની મંદતારૂપ શુભભાવ તો થયો પણ સાથે મિથ્યાત્વનો દોષ લાગ્યો, શરીરને આત્મા માન્યો માટે. શરીરથી તો આત્મા જુદો છે. એ તો એને કાંઇ ખબર નથી.

આહા! ધર્મના કરવાના નામે પણ ધર્મ ન થાય પણ અધર્મ થઇ જાય. આહા! અધર્મ એટલે મિથ્યાત્વનો દોષ, શુભભાવ તો સાથે થાય શુભભાવ તો હોય. શુભભાવ એ કાંઇ ધર્મ નથી. એ તો બંધનું કારણ છે. **એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત કહે છે.** એ વાત કરે છે. દૃષ્ટાંતથી સમજાવે છે કે શરીરના સ્તવનથી આત્માનું સ્તવન થતું નથી. કેમ સ્તવન થતું નથી? તો આચાર્યભગવાન એના માટે એક સરળ દૃષ્ટાંત આપે છે. (ગાથા-૩૦)

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળી ગુણનું. ૩૦.**

**ગાથાનો અર્થઃ-** બે હજાર વર્ષ પહેલાંની ગાથા છે. કુંદકુંદઆચાર્યભગવાન સમર્થ આચાર્ય થયા છે. જગતના જીવો સ્તુતિના નામે ભૂલે છે. ખરી સ્તુતિ એને કરતાં આવડતી નથી. દૃષ્ટાંત. **જેમ નગરનું વર્ણન કરતાં,** નગરનું વર્ણન કરશે હમણાં. **નગરનું વર્ણન કરતાં છતાં રાજાનું વર્ણન કરાતું (થતું) નથી.** એ નગરનો માલિક તો રાજા છે. પણ નગરનું વર્ણન કરવાથી કાંઇ રાજાનું વર્ણન થતું નથી કેમ કે નગરથી રાજા જુદો છે. એમ દેહથી આત્મા જુદો છે. એમ કહેશે.

**તેમ દેહના ગુણનું સ્તવન કરતાં કેવળીના ગુણોનું સ્તવન થતું નથી. ઉપરના અર્થનું (ટીકામાં) કાવ્ય કહે છે. આ નગર એવું છે કે,** ૨૫ મો શ્લોક છે. બોલો બહેન શ્લોક બોલો. ૨૫ મો છે. 'આર્યા' છે 'આર્યા' ભૂલી જાવ તો કાંઇ વાંધો નહીં.

**प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम् ।**
**पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम् ।। २५ ।।**

શું કહે છે? કે **આ નગર એવું છે કે,** નગરનું વર્ણન કરે છે. નગરનું વર્ણન કરવા છતાં અને નગરનો અધિપતિ સ્વામી રાજા હોવા છતાં નગરનું વર્ણન કરવાથી રાજાનું વર્ણન થઇ શકતું નથી. કેમકે નગર જુદું છે અને રાજા જુદો છે. **આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસ્યું છે.**

નગરની ફરતો કોટ આવે છે. એ કોટ એટલો ઊંચો છે કે જાણે આકાશને ભેટવું છે. આકાશ લાંબો ઊંચો... **અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે.** કિલ્લો બહુ ઊંચો છે. એક. બીજું, **બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતળને ગળી ગયું છે (અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે)** લીલી છમ્મ પૃથ્વી દેખાય છે. બગીચાઓ ચારે બાજુ બગીચાઓ છે.

અને **કોટની ચારે તરફ,** કિલ્લાની ચારે તરફ બહારમાં **ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે).** ખાઈ એટલા માટે ખોદે છે કે દુશ્મનો કિલ્લામાં આવી શકે નહીં. એમ ત્રણ પ્રકારે નગરનું વર્ણન કર્યું.

**આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે,** સ્વામી છે નગરનો, માલિક છે. **તોપણ, કોટ-બાગ-ખાઈ આદિવાળો રાજા નથી.** એ તો નગર છે. રાજામાં ક્યાં ખાઈ છે ને કોટ છે એને, એમાં બગીચા ક્યાં છે રાજામાં.

**તેવી રીતે શરીરનું સ્તવન કર્યે,** સ્તુતિ-વંદન-પૂજા કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી. તેનો પણ શ્લોક કહે છે.

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ।। २६ ।।**

શ્લોકનો અર્થ કહે છે કે **જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.** આ બધા શરીરના વખાણ કરે છે. તીર્થંકર ભગવાનની પુણ્યપ્રકૃત્તિ એવી હોય છે કે સાધારણ જીવ કરતાં તેની પુણ્યપ્રકૃત્તિ કોઈ અસાધારણ હોય છે. **જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.** રૂપ આત્માને હોય કે શરીરને હોય? હં.. પુદ્ગલને હોય, શરીરને હોય. જીવને રૂપ (ન હોય) જીવ તો અરૂપી છે. એ તીર્થંકર ભગવાનનું ધોળું શરીર હોય તો, કે શ્યામ વર્ણ હોય નેમિનાથ ભગવાન. તો એ તો શરીરનું છે રૂપ ને રંગ તો. આત્માને તો આત્મા કાળો પણ નથી ને ધોળો પણ નથી. આહા! **જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.** ઉત્કૃષ્ટ કેમ કહ્યું કે એના જેવું શરીર કોઈને ન હોય એવી એની પુણ્યપ્રકૃત્તિ છે.

**કેવું છે તે?** પરમ ઔદારિક શરીર હોય છે. **જેમાં સર્વ અંગ હંમેશા અવિકાર અને સુસ્થિત, સારી રીતે સુખરૂપ સ્થિત છે.** એના બધા અંગો. આંખ, કાન, હોઠ, ચહેરો એટલો બધો (સુંદર) હોય કે આમ જોઈને માણસ ઠરી જાય. જોયા જ કરે એનું મોઢું જોયા કરે. એવું તો એની પુણ્યપ્રકૃત્તિના બધા પરમાણુઓ ગોઠવાઈ ગયા છે. જેમકે શ્રવણ બેલગોલામાં પ્રતિમાજી છે બાહુબલીની. એવી પ્રતિમા સુંદર છે કે આમ આપણે જોયા જ કરીએ. ખસવાનું મન ન થાય. એ પ્રકારની સુસ્થિત બધું ગોઠવાઈ ગયું છે.

મુમુક્ષુ :- ગુરુદેવ પણ..

ઉત્તર :- હા, બેઠા હતા એમ ને એમ. જવાહરલાલ નહેરુ પાંચ મિનિટ માટે ગયા હતા ને અડધો કલાક બેઠા રહ્યા. એવું એમનું શરીરનું રૂપ છે. એ બાહુબલી નથી. **જેમાં સર્વ અંગ હંમેશા અવિકાર અને સુસ્થિત, સારી રીતે સુખરૂપ સ્થિત છે,** જેમાં જન્મથી જ, તીર્થંકર પરમાત્માની પુણ્યપ્રકૃત્તિ એવી હોય છે કે જન્મથી જ અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે. અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે. એનું શરીર એવું હોય છે કે જગતના જીવો જે જુએ એને પ્રિય લાગે. એ પ્રકારની પુણ્યપ્રકૃત્તિ ઘણાની વર્તમાનમાં પણ હોય છે થોડા જાજાની.

**જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી.** શાંત ગંભીર. શરીરની વાત ચાલે છે. આત્માની વાત નથી આ. આહાહા! એનો ચહેરો જોવોને તો ધીર અને ગંભીર લાગે. એના ચહેરામાં ચંચળતા ન લાગે. એવો તો એનો ચહેરો હોય છે. શરીરના પરમાણુની સ્થિતિ ચળાચળ નથી. **આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર કેવળી-પુરુષનું સ્તવન થતું નથી. કારણ કે જો કે તીર્થંકર-કેવળી પુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે,** અધિષ્ઠાતા એટલે એમાં એ શરીરમાં આત્મા રહેલો છે. એ શરીર એનું નથી. આત્મા એમાં રહેલો છે.

**તોપણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહીં હોવાથી તીર્થંકર-કેવળી પુરુષને તે ગુણોનો અભાવ છે.** શરીર દેખીને તીર્થંકરની સ્તુતિ મેં કરી એમ અજ્ઞાની જીવ શરીરથી જુદો જીવ છે એનું એને ભાન નથી અને શરીરને જ આત્મા માને છે. એટલે તીર્થંકર ભગવાનના શરીરને પણ તીર્થંકરપણું છે એમ માને છે. તો એની અંદર એનો ભગવાનઆત્મા જુદો છે અને અનંતજ્ઞાનમય, દર્શનમય છે એનું તો એને કાંઈ ખબર નથી. એટલે શરીરને માનીને સ્તુતિ કરી એમ માને તો એમાં બે પ્રકારના દોષ પ્રગટ થાય.

એક શુભભાવરૂપ દોષ અને એક મિથ્યાત્વરૂપી દોષ. બે દોષ લાગે. અથવા અશુભનો ત્યાગ અને શુભની પ્રવૃત્તિ તો તે અપેક્ષાએ વ્યવહારે તેને ગુણ પણ કહેવાય. પાપની નિવૃત્તિ અને પુણ્યની પ્રવૃત્તિ વ્યવહારે. અને એ વખતે શરીરને આત્મા માને છે એથી એને મિથ્યાત્વનો દોષ પણ લાગી જાય છે.

**હવે (તીર્થંકર-કેવળીની) નિશ્ચય સ્તુતિ કહે છે.** ઇન્દ્રિયજ્ઞાન વડે દેહને જુએ છે એને આત્માને જોવાનું સાધન તો એની પાસે છે નહીં. એ તો અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે. અરૂપી આત્મા એને દેખાય નહીં. શરીર દેખાય. બીજું શું કહીએ. કાંઈ સ્તુતિ તો કરવી જોઈએ. ભગવાન આપણા ઉપકારી છે, પૂજનિક છે, વંદનિક છે. આહા! અહીંયા સુધી અનંતવાર જીવ આવ્યો. પણ એને કેવળી પરમાત્માની નિશ્ચયસ્તુતિ કરી નહીં.

હવે વ્યવહારસ્તુતિમાં શું દોષ લાગ્યો? મિથ્યાત્વનો દોષ લાગ્યો એમ કહ્યું ને હમણાં? શુભભાવ તો થયો. કષાયની મંદતા તો એ વખતે છે પણ એ વખતે એને મિથ્યાત્વનો શું દોષ લાગ્યો? કે જ્ઞેય-

જ્ઞાયકનો સંકરદોષ થયો. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ એટલે શું? જ્ઞાયક તો અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા એ જ્ઞાયક છે. એ સ્તુતિ કરનાર પાસે, એની પાસે ભગવાન જ્ઞાયક આત્મા તો છે. સ્તુતિ કરે છે એ આત્મા છે પોતે. અને એક તેની પાસે ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું છે. એ ઈન્દ્રિયજ્ઞાન વડે તીર્થંકર પરમાત્માના દેહને જાણીને, એ દેહને જ આત્મા માનીને સ્તુતિ કરે છે એટલે તીર્થંકર પરમાત્માના દેહની સાથે તો એકત્વ થતું નથી. પણ દેહને જાણનારું જે ઈન્દ્રિયજ્ઞાન એ ઈન્દ્રિયજ્ઞાન વડે એને જાણે છે અને એ ઈન્દ્રિયજ્ઞાનને પોતાનું માને છે, એટલે ઈન્દ્રિયજ્ઞાન, ભાવેન્દ્રિય અને જ્ઞાયક. જ્ઞેય અને જ્ઞાયકનો સંકરદોષ કર્યો. એકતા કરી. ફરીને.

જેવી રીતે આત્મા (મુમુક્ષુ :- થોડા હિન્દીમેં) હા, થોડા હિન્દીમેં. અચ્છા! ઠીક છે. એ વાત ઠીક છે. શું કહ્યું? કે જે સ્તુતિ કરવાવાળો આત્મા છે તેનો ભાવ તો ઊંચો છે. હેં? ભગવાનની સ્તુતિ કરે છે. પ્રત્યક્ષ તીર્થંકરના સમવશરણમાં જાય સ્તુતિ કરવા. તેનો ભાવ તો ઠીક છે. પણ તેની અંદર જ્ઞેય અને જ્ઞાયકનો સંકરદોષ થઈ જાય છે. સંકરદોષ એટલે શું? એકત્વ, ખીચડો થઈ ગયો. મગ અને ચોખા મેળવ્યા તો ખીચડી બની ગઈ. ચોખા અને મગ જુદા ન રહ્યા. નામ બદલી નાખ્યું. ચોખા લાવો અને મગ લાવો એમ ન કહેવાય. ખીચડી લાવો. રસોઈમાં નીલમ બનાવે ખીચડી. ખીચડી લાવો. એમ કહે ને? ભાષામાં ખીચડી. ખીચડી એટલે એકમેક થઈ ગયું. ચોખા અને મગ અલગ ન રહ્યા. એકમેક થઈ ગયા. સમજ્યા? તેને જુદા પાડો તો જુદા નહીં પડે. પણ અંદરમાં લક્ષણ ભેદે જુદા છે, પણ જુદા પડતા નથી. જુદા પાડવાની વિધિ જાણતા નથી.

એવી રીતે ઈન્દ્રિયજ્ઞાન દ્વારા ભગવાનના શરીરને જોયું, આહા! શ્યામ રંગનું શરીર, સુવર્ણ રંગનું શરીર, સફેદ રંગનું શરીર. તીર્થંકર ભગવાનના શરીર જુદા જુદા છે. તેને જોવાવાળા છે. તો જોવાવાળું કોણ છે? કે હું છું. હું એટલે કોણ? હું એટલે મારું જ્ઞાન. હું એટલે મારું જ્ઞાન. તમારા જ્ઞાનદ્વારા હું સ્તુતિ નથી કરતો. હું મારા જ્ઞાનદ્વારા જાણીને સ્તુતિ, ભક્તિ કરું છું. તો સ્તુતિ નો કરવી? અરે! સ્તુતિ કરવી. ખરી સ્તુતિ કરવાની વાત છે. તેમાં ભવનો અંત આવી જાય. એવી વાત છે.

સ્તુતિનો નિષેધ નથી, પણ સ્તુતિ કરતી વખતે જે એકત્વબુધ્ધિ થઈ જાય છે તેનો નિષેધ કરવાનો છે. જ્ઞેય અને જ્ઞાયક. જ્ઞેય કોનું નામ? કે ભગવાનનો દેહ તે જ્ઞેય નહીં. તે તો જ્ઞેય છે. તે જ્ઞેય અહીં નથી. તે જ્ઞેય તો પરજ્ઞેય છે. તેને જાણવાવાળું ઈન્દ્રિયજ્ઞાન છે આંખ, આંખ-ચક્ષુ ઈન્દ્રિય, ચક્ષુ ઈન્દ્રિયથી શરીર જોયું ને! તો મેં જોયું, મેં જાણ્યું. મેં એટલે કોણે જાણ્યુ? કે મેં જાણ્યું. મેં જાણ્યું તો કયા સાધન દ્વારા જાણ્યું? કે મારા જ્ઞાનદ્વારા જાણ્યું. મારું જ્ઞાન છે. મારું જ્ઞાન એ જે ઈન્દ્રિયજ્ઞાન છે, ચક્ષુઈન્દ્રિયજ્ઞાન છે તે તો દ્રવ્યેન્દ્રિય છે. ભાઈસાહેબ! એ તો દ્રવ્યેન્દ્રિય છે, પણ ત્યાં તેનો ઉઘાડ છે ને? ક્ષયોપશમ થોડો ઉઘાડ છે. તેનું નામ ભાવેન્દ્રિય છે.

અતીન્દ્રિય જુદી, દ્રવ્યેન્દ્રિય ભિન્ન, ભાવેન્દ્રિય ભિન્ન, અતીન્દ્રિયજ્ઞાન ભિન્ન અને અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા ભિન્ન. ચાર પ્રકાર તેમાં છે. દ્રવ્યેન્દ્રિય ભિન્ન, દ્રવ્યેન્દ્રિયના સંબંધથી જાણવા-દેખવાનો જે વ્યાપાર ચાલે છે તો ભાવેન્દ્રિય ભિન્ન અને નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે તે જુદું અને તેનાથી અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા અંદરમાં જુદા. ઓહોહો! ત્યાં સુધી જાય તો નિશ્ચયસ્તુતિ થઈ જાય. કઠીન નથી કામ. સરળ છે. સમજવાથી સરળ થઈ જાય છે.

તો જ્ઞેયજ્ઞાયકનો સંકરદોષ અનાદિકાળથી કરે છે. કોઈ પણ, આ તો નિશ્ચયસ્તુતિની વાત કરી. કોઈ પણ પર પદાર્થને ઈન્દ્રિયજ્ઞાન જયારે જાણે છે તો ઈન્દ્રિયજ્ઞાન અને ભગવાનઆત્મા તે એકમેક લાગે છે. તેમાં એકત્વ કરી લ્યે છે. ઈન્દ્રિયજ્ઞાન ભિન્ન છે અને જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. બેય એક નથી. ખંડ ખંડ જ્ઞાન(થી) સમયવર્તી જાણવાની ક્રિયા થાય છે. તેમાં દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લઈને ભાવેન્દ્રિય કામ કરે છે. જેમ સાંભળવાના સમયે ભાવેન્દ્રિય સાંભળે છે. તો કોણે સાંભળ્યું? મેં સાંભળ્યું. કોના દ્વારા સાંભળ્યું? કે શ્રોતેન્દ્રિય દ્વારા સાંભળ્યું. તો શ્રોતેન્દ્રિય તો જડ છે. તો હું શ્રોતેન્દ્રિયથી નથી સાંભળતો. ભાવશ્રુતજ્ઞાન અંદરમાં ઈન્દ્રિયજ્ઞાન ઉઘાડ તેનાથી મેં સાંભળ્યું. કોણે સાંભળ્યું? કે મેં સાંભળ્યું. તો હું પણું શેમાં સ્થાપ્યું? ઈન્દ્રિયજ્ઞાનમાં સ્થાપ્યું. અહીં આત્મામાં હું પણું સ્થાપવું જોઈએ તે અહીં ન સ્થાપ્યું. આહા!

તો ઈન્દ્રિયજ્ઞાન અને ભગવાનઆત્મા બેય ચીજ અલગ અલગ છે. ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી, એ જ્ઞેય છે. ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી પણ જ્ઞેય છે. કેમ તેનું નામ જ્ઞેય? જ્ઞાન કેમ નહીં? કેમ કે કોઈ પણ ઈન્દ્રિયજ્ઞાન જે છે તે પોતાના આત્માને પ્રસિદ્ધ નથી કરતું, તેથી જ્ઞાન નથી. તેનું નામ જ્ઞેય કેમ? કે પરજ્ઞેયને પ્રસિદ્ધ કરે છે તેથી તેનું નામ જ્ઞેય છે. આહાહા! તેનું નામ જ્ઞાન નથી. મોહરાજાએ તેનું નામ જ્ઞાન રાખ્યું. સર્વજ્ઞ ભગવાને તેનું નામ જ્ઞેય રાખ્યું છે.

આ શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી. તે જ્ઞેય છે. તે શાસ્ત્રજ્ઞાન મારું, મિથ્યાત્વનો દોષ થઈ ગયો. રાગ મારો તે તો મિથ્યાત્વ છે જ, દેહ મારો એ તો મિથ્યાત્વ છે જ, અને દાળની દુકાન મારી તે તો મિથ્યાત્વ છે જ, સમજયા? હં.. એ તો બિલકુલ. એ તો સાચું છે ને? આ સંધ્યા મારી... આહાહા! કોની સંધ્યા ને કોણ પિતા ને કોણ પુત્રી? એ તો પર પદાર્થ છે. આહા! તે બહારના પદાર્થની વાત તો અહીંયા આચાર્ય ભગવાન કરતા પણ નથી. અંદરનો જે જ્ઞાનનો અંશ ઉઘાડ છે તેનાથી ભિન્ન અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. બેયની વચ્ચે એકતા કરી લ્યે છે. પરને જાણવાના સમયે જે જાણવાવાળું જ્ઞાનનો અંશ અર્થાત્ જ્ઞેય છે તેને જ્ઞેય ન માનતા જ્ઞાન માની લીધું અને જ્ઞાન મેં કર્યું. તો કર્તા-કર્મની પ્રવૃત્તિ ઈન્દ્રિયજ્ઞાનની સાથે થઈ ગઈ. અતીન્દ્રિયજ્ઞાન તિરોભૂત થઈ ગયું. તેને આત્મા દેખાતો નથી.

જેવી રીતે રાગ કર્મ છે. શુભાશુભભાવ મારું કર્મ અને હું કર્તા તે અજ્ઞાન છે. આત્મા તો

જાણવાવાળો છે. શુભાશુભભાવને કરવાવાળો નિશ્ચયનયે નથી. પરમાર્થથી જુઓ, સ્વભાવની દૃષ્ટિથી તો એ તો જાણવાવાળો છે, કરવાવાળો નથી. એમ રાગ મેં કર્યો. તો રાગની સાથે એકત્વબુધ્ધિ કરવાવાળા હું કર્તા અને રાગ મારું કર્મ, અજ્ઞાન છે. એવી રીતે જે ઇન્દ્રિયજ્ઞાન છે જે પરને પ્રસિધ્ધ કરે છે, પરને જાણે છે ઇન્દ્રિયજ્ઞાન, પોતાને નથી જાણતું પોતાને તિરોભૂત કરે છે. ઇન્દ્રિયજ્ઞાન પોતાને તિરોભૂત કરે છે. ઇન્દ્રિયજ્ઞાન નથી જાણતું. અને ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે તો એ જે જ્ઞાન છે તે ખરેખર તો જ્ઞેય છે. કેમ કે પરજ્ઞેયની સાથે સંબંધ કરીને પ્રવૃત્તિ થાય છે. તો જ્ઞેયના લક્ષથી જ્ઞાન થાય છે તે જ્ઞેય છે. તે જ્ઞેય અને તેનાથી ભિન્ન આત્મા જુદો જ્ઞાયક. જ્ઞાન ને આનંદમય.

અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. તેમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર, સુખ. અનંત અનંતગુણનો પિંડ આત્મા છે. જે જ્ઞાયક ચિદાનંદ આત્મા છે તે જીવતત્ત્વ છે તે જે ખંડ ખંડ ભાવેન્દ્રિય છે તે ભાવેન્દ્રિય ક્ષયોપશમજ્ઞાનની પર્યાય છે. તે પર્યાય છે તે ખરેખર તો પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. સ્વદ્રવ્ય નથી. સ્વદ્રવ્યના લક્ષણ તેમાં ઘટતા નથી. તેમાં પારિણામિકભાવ નથી તેથી તે પરજ્ઞેય છે, પરદ્રવ્ય છે. અને તે ઇન્દ્રિયજ્ઞાન અને આત્મા તેની એકત્વબુધ્ધિ કરી લ્યે છે. તેનું નામ સંકરદોષ છે. અજ્ઞાન-મિથ્યાત્વ છે. આહા!

પરને જાણવું તો મારો સ્વભાવ છે. પરને જાણવું તારો સ્વભાવ છે કે સ્વને જાણવું (તારો) સ્વભાવ છે? ઇન્દ્રિયજ્ઞાન સ્વને તો જાણતું નથી અને ઇન્દ્રિયજ્ઞાનને મારું માન્યું, તો તેનાથી તેની રુચિ છૂટતી નથી. એ પ્રીતિ છૂટતી નથી. શાસ્ત્રજ્ઞાન વધી ગયું. જ્ઞાન વધ્યું કે જ્ઞેય વધ્યા? જ્ઞાન પ્રગટ જ નથી થયું. જ્ઞાન કયાંથી વધે? જ્ઞાન તો ઉત્પન્ન જ નથી થયું. શાસ્ત્રજ્ઞાન વધે છે, ૧૧ અંગ-દ્રવ્યલિંગીમુનિ. જ્ઞાન નથી વધ્યું, જ્ઞેયનો ઢગલો થઈ ગયો. જ્ઞેયનો ઢગલો થઈ ગયો.

જ્ઞાન તો તેનું નામ છે કે જે પોતાના આત્માને પ્રસિધ્ધ કરે. અને તે જ્ઞાનમાં અનાકુળ આનંદનો સ્વાદ આવે. તેનું નામ જ્ઞાન છે. જે જ્ઞાનમાં આકુળતા ઉત્પન્ન થાય છે અને જાણવાની ઇચ્છા પ્રગટ થાય છે તે જ્ઞાન નથી. તે જ્ઞેય છે. જેમ મોહ, રાગ, દ્વેષ અને વિષય-કષાયને જીતવા, એવું શાસ્ત્રનું વચન છે. તો વિષય અને કષાયમાં શું? વિષયમાં એમ આવે છે કે પરપદાર્થોને જાણવાની અભિલાષા, ઇચ્છા તેનું નામ વિષય છે. વિષયનો અર્થ શું? કે પરને જાણવાની અભિલાષા, ઇચ્છા ઉત્પન્ન થાય છે તેનું નામ વિષય છે. અને ઇન્દ્રિયજ્ઞાનમાં પરને જાણવાની ઇચ્છા નિયમથી (ઉત્પન્ન) થાય છે અને અતીન્દ્રિયજ્ઞાનમાં પરને જાણવાની ઇચ્છા (ઉત્પન્ન) થતી નથી. તો અનાકુળ આનંદ આવી જાય છે. ગાથા બહુ ઊંચી છે.

જગતના જીવો સ્તુતિના નામે કયાં ભૂલ કરે છે તેની ભૂલ કાઢવા માટે તેના પછી ૩૧ ગાથા આવવાની છે. આ તો પૂર્વભૂમિકા રચી. **તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરે છે.**

જ્ઞેય તો ભાવેન્દ્રિય, ભાવેન્દ્રિયનો વિષય અને દ્રવ્યેન્દ્રિય ત્રણેયને જ્ઞેયમાં નાખે છે. અને જ્ઞાયક અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા આખો જુદો છે. એવા ભેદજ્ઞાનની ગાથા છે. રાગથી તો આત્મા જુદો છે પણ જ્ઞાનથી જ્ઞાન ભિન્ન છે. અર્થાત્ જ્ઞેયથી જ્ઞાન ભિન્ન છે. અર્થાત્ વ્યવહારજ્ઞાનથી નિશ્ચયજ્ઞાન ભિન્ન છે. આહા!

મુમુક્ષુ :- અજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન જુદું છે.

ઉત્તર :- અજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન ભિન્ન છે. એ તો અજ્ઞાન છે, ઇન્દ્રિયજ્ઞાન. જ્ઞાન ક્યાં છે? અ-જ્ઞાન, જ્ઞાન નહીં. જે આત્માને નથી જાણતું માટે અજ્ઞાન છે. આહા!

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાનને વ્યવહારજ્ઞાન કેમ કહ્યું?

ઉત્તર :- કેમ કે એ જ્ઞાનની અંદર મન વડે આત્માનો નિર્ણય થાય છે માટે તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. એટલું કામ કરે છે. સવારે આવ્યું હતું ને એ. નિશ્ચયજ્ઞાન નથી. છે તો નિશ્ચયે જ્ઞેય પણ વ્યવહારે તેને, વ્યવહારનયે તેને જ્ઞાન કહે છે. કેમ કે રાગમાં તો જાણવાની ક્રિયા નથી ઇન્દ્રિયજ્ઞાનમાં જાણવાની ક્રિયા છે. બીજું સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય છે, મનવાળું પ્રાણી તે આત્માના સ્વભાવનો નિર્ણય કરી શકે છે માટે તેને વ્યવહારજ્ઞાન પણ કહેવામાં આવે છે પણ નિશ્ચયે તો જ્ઞેય જ્ઞેય ને જ્ઞેય જ છે. પર છે, સ્વ નથી. આ પ્રશ્નો ઊઠે ને તે રાત્રે કરવા. આ અત્યારે મઝા ન આવે. કાંઇ વાંધો નહીં.

**તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરે છે.** પરિહાર અર્થાત્ નિષેધ કરે છે. કે જ્ઞેય ભિન્ન છે અને જ્ઞાયક ભિન્ન છે. એક ચીજ નથી. બે મળીને એક આત્મા નથી બનતો. શરીર અને આત્મા જુદા જુદા છે. એમ કર્મ અને આત્મા ભિન્ન ભિન્ન છે. એમ રાગ અને આત્મા ભિન્ન ભિન્ન છે. એમ અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાન જ્ઞાયક આત્મા અને ખંડજ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન આત્માથી ભિન્ન છે. બે ચીજ અલગ અલગ છે. એક નથી. બેય મળીને આત્મા નથી બન્યો. બેય મળીને આત્મા બને તો સિધ્ધ ભગવાનમાં તો ઇન્દ્રિયજ્ઞાન છે પણ નહીં. તો શું કરવું? તે આત્મા નથી? ઇન્દ્રિયજ્ઞાનનો તો અભાવ થઇ જાય છે.

જે આત્મામાંથી નીકળી જાય છે તે આત્માની પોતાની ચીજ નથી. નીકળે છે કે નહીં? ઇન્દ્રિયજ્ઞાન રહે છે? એ તો ૧૩ મા ગુણસ્થાને ઇન્દ્રિયજ્ઞાન ભાવેન્દ્રિય નથી રહેતી. દ્રવ્યેન્દ્રિય ભલે હો પણ ભાવેન્દ્રિયનો વ્યાપાર બંધ થઇ જાય છે તો કેવળજ્ઞાન થાય છે. આહા! ભાવેન્દ્રિયનો અભાવ થઇ ગયો. ભલે ને દ્રવ્યેન્દ્રિય પડી રહે. પણ ભાવેન્દ્રિય ખંડજ્ઞાનનો અભાવ થઇ જાય છે. ક્ષાયિક કેવળજ્ઞાન થઇ ગયું. આહા!

'હું પરને જાણું છું' તેમાં ઇન્દ્રિયજ્ઞાનનો જન્મ થઇ જાય છે. હું પરને જાણતો નથી જાણવાવાળો જાણવામાં આવે છે તો અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. આહાહા! આની મોટી તકરાર ચાલી. પરને

જાણતો નથી, બોલો! આહાહા! પરને જાણવાથી જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ થઈ ગયો. મોટી ભૂલ છે, સાધારણ ભૂલ નથી. હવે ૩૧ ગાથા લઈએ.

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू ।। ३१ ।।**

**જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

જે જ્ઞાન પ્રગટ થતાં પરને જાણવાની ઈચ્છા સાથે ઉત્પન્ન થાય અને એ ઈચ્છાથી આત્મા દુઃખ ભોગવે તે જ્ઞાન આત્માનું ન હોય. આહા! જે જ્ઞાન પ્રગટ થતાં પરને જાણવાની ઈચ્છા થાય અને તે ઈચ્છાનું ફળ વર્તમાનમાં તેને દુઃખ થાય અને ભવિષ્યના કર્મો બંધાય અને દુઃખના નિમિત્તકારણનો ઢગલો થાય તે આત્માના પરિણામ નથી. ભાઈ! એ આત્મા તેનાથી જુદો છે. પહેલાં ગાથાનો અર્થ લઈએ. કુંદકુંદાચાર્ય ભગવાનની ગાથા છે.

**ગાથાનો અર્થ :- જે ઈન્દ્રિયોને જીતીને,** જે કોઈ જીવ કૌંસમાં મુનિરાજની મુખ્યતાથી વાત કરશે કૌંસમાં. મૂળમાં નથી પણ કૌંસ કરશે. જે એટલે જે કોઈ આત્મા ઈન્દ્રિયોને જીતીને, ઈન્દ્રિયોને કેમ જીતવી? કે આંખે પાટા બાંધી દેવા. કાનમાં લાકડાના બુચ મારી દયો, કાનમાં. અહીંયા બુચને ચડાવી દયો. તો ઈન્દ્રિય જીતાય? કે ના. એ તદ્દ્ન ખોટી વાત છે. ઈન્દ્રિય જીતવાનો રસ્તો જ જુદો છે. આહા!

આ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકના નાથ એની વાણીમાં આવ્યું કે તું ઈન્દ્રિયજ્ઞાનને જીત તો જ મોહ જીતાશે. ઈન્દ્રિયજ્ઞાનને જીવતું રાખી અને ત્રણકાળમાં મોહનો નાશ નહીં થાય. આહા! ઈન્દ્રિયજ્ઞાનને જીતતા જ સાથે મોહ જિતાય થઈ જાય છે. મિથ્યાત્વ જિતાય જાય છે. પછીની ગાથામાં એ ચારિત્રમોહ જીતવાની વાત કરશે. આહાહા!

**જે ઈન્દ્રિયોને જીતીને,** કેમ જીતવી તેનો પ્રયોગ બતાવશે. આપણે કાંઈ ઉતાવળ નથી. શાંતિથી, આહા! ધીમે ધીમે, નિલમબેને કહ્યું, જરા વિસ્તારથી, ઢંગથી જરા કહેજો, ઉતાવળ નહીં કરતા. **જે** એટલે જે કોઈ જીવ આત્મા, **ઈન્દ્રિયોને જીતીને,** એ ઈન્દ્રિયોના કામની. જુઓ! ઈન્દ્રિયો બહુવચન છે. ઈન્દ્રિય નહીં ઈન્દ્રિયો. ઈન્દ્રિયોને, બહુવચન છે ને. એટલે ઈન્દ્રિયોના ત્રણ વિભાગ કહેશે. એને જીતીને એટલે જીતી તો શકાય છે. **ઈન્દ્રિયોને,** જેમ રાગને જીતી શકાય છે, મોહને જીતી શકાય છે, એમ ઈન્દ્રિયોને જીતી તો શકાય છે. આહાહા! કે કેવળજ્ઞાન થાય ત્યારે જીતાય? કે ના. હમણાં જીતાય. તિર્યંચ ઈન્દ્રિયજ્ઞાનને જીતી લ્યે છે, તિર્યંચ. આહાહા!

**જે ઈન્દ્રિયોને જીતીને, જ્ઞાનસ્વભાવ વડે,** આ જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કર્યો ઈ. આ જ્ઞાનસ્વભાવ વડે, સાધન સાધન-વડે, જ્ઞાનસ્વભાવ વડે-સાધન. **અન્યદ્રવ્યથી અધિક,** આહાહા!

બીજા બધા દ્રવ્યો અને ભાવો એનાથી અધિક એટલે જુદો. એનાથી અધિક અટલે જુદો. સાત તત્ત્વ ને નવપદાર્થથી જુદો, બંધ-મોક્ષથી જુદો, આહાહા! છ દ્રવ્યથી જુદો, શરીરથી જુદો, કર્મથી જુદો, રાગથી જુદો, ઈન્દ્રિયજ્ઞાનથી જુદો, એક સમયની પર્યાયથી પણ જુદો. આહાહા!

**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક** એટલે જુદો, **આત્માને જાણે છે,** જે આત્માને જાણે છે **તેને,** એવા જીવને **(જે) નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે,** તે જે શુદ્ધાત્માના અનુભવી સંતો, સાધુઓ છે. તેઓ, તેને ખરેખર જિતેન્દ્રિય કહે છે. આહા! જિતેન્દ્રિય જિન થઈ ગયો. જિતેન્દ્રિય જિન ચોથા ગુણસ્થાને, હરણિયું ને દેડકું હોય એને આત્માનો અનુભવ થઈ શકે છે. એ ઈન્દ્રિયજ્ઞાન જીતીને આત્માનો અનુભવ થાય છે. આહાહા!

હજી તો એ જ્ઞાનને જ્ઞાન માને છે. એ એનાથી ભેદજ્ઞાન કે એકત્વ કરે છે એનાથી ભેદજ્ઞાન કયાંથી થાય? ખરેખર તો ઈન્દ્રિયજ્ઞાન એ રાગ ને પરની સાથે એકત્વ કરે છે. અતીન્દ્રિયજ્ઞાન વિભકત કરે છે. એ એકત્વ કરે તેનામાં વિભકત કરવાની શકિત ન હોય. શું કહ્યું? ભરતભાઈ! સમજાય છે? જે પરની સાથે એકમેક કરે જે જ્ઞાનનો અંશ ઈન્દ્રિયજ્ઞાન એ કાંઈ જુદું કરવાની શકિત તેનામાં નથી. એના કરતાં જુદું આત્માભિમુખ જ્ઞાન પ્રગટ થાય એ પરથી આત્માને જુદો અનુભવી શકે છે. કિશોરભાઈ! આહા!

**જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર** તેને **જિતેન્દ્રિય** જિન **કહે છે.** જિતેન્દ્રિય છે આમાં , પછી જિતેન્દ્રિય જિન ટીકાકાર કહેશે. આહા!

**ટીકા :-** કૌંસ છે કૌંસ. મુનિરાજની મુખ્યતાથી વાત કરે છે. નીચલા બધા જીવોને એ લાગુ પડી જાય. **(જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો..)** એ આગળ એની દ્રવ્યેન્દ્રિયની વ્યાખ્યા કરશે. એટલે આપણે એ કૌંસ વાંચી જઈએ છીએ. પછી ટીકા આવશે એટલે એક એકનો ખુલાસો કરશું. **વિષયભૂત પદાર્થો એ ત્રણેયને,** ત્રણેયનું નામ ઈન્દ્રિય. પોતાનાથી જુદા કરીને, પોતાનાથી એટલે અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાન ચિદાનંદ આત્મા છે અંદરમાં જીવતત્ત્વ સામાન્ય તેનાથી જુદા કરીને **સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન,** સર્વ પ્રકારના પોતાના શુદ્ધાત્મા સિવાય જેટલા પરિણામો છે તે અન્યદ્રવ્યો છે. તે બધા અન્યદ્રવ્યો છે. આહા!

એક સ્વદ્રવ્ય અને બાકી બધું અન્યદ્રવ્ય. પુણ્ય ને પાપના પરિણામ એ અન્ય છે. એ જીવનો ભાવ નથી. **અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે.** આહાહા! પોતાના આત્માને પ્રત્યક્ષ અનુભવે છે. એ અનુભવે છે એ ઈન્દ્રિયજ્ઞાનથી અનુભવાય નહીં. એ જાત્યાંતરજ્ઞાન એક નવું પ્રગટ થાય છે. અનંતકાળથી નહીં પ્રગટ થયેલું એવું જાત્યાંતરજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાનની જાતથી જુદું એ ધ્યાનના કાળે પ્રગટ થાય છે. આત્માને અનુભવે છે. આહા! અતીન્દ્રિય આનંદને વેદે છે. અંદરમાં જઈને આનંદનો અનુભવ કરે છે. **તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.** એને એવા મુનિરાજને અમે જિતેન્દ્રિય કહીએ

છીએ. કૌંસ પૂરો થયો. હવે આગળ. હવે સંસ્કૃતની ટીકા હવે શરૂ થાય છે. ઓલું ઉપરથી જયચંદપંડિતે કૌંસ કરીને થોડો ખુલાસો કર્યો છે.

**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વ-પરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીર પરિણામને પ્રાપ્ત,** પહેલાં વાંચી જઈએ. **એવી શરીર પરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવિણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી;** શું કહે છે?

કે પાંચ પ્રકારની દ્રવ્યેન્દ્રિય છે. આ સ્પર્શેન્દ્રિય, આ રસેન્દ્રિય, આમ એનો ક્રમ છે, યાદ રહી જાય તરત જ. સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય અને શ્રોતેન્દ્રિય એ પાંચ પ્રકારની જે ઈન્દ્રિયો છે એ જડ છે. દ્રવ્યેન્દ્રિય છે ને એ શરીરનો એક સ્પેરપાર્ટ છે. શરીર આખું છે. બોડી એના આ બધા સ્પેરપાર્ટસ છે. તેને દ્રવ્યેન્દ્રિય કહેવાય. દ્રવ્યેન્દ્રિય પ્યોર જડ છે. એમાં કોઈ જાણવાની ક્રિયા કે રાગની ક્રિયા પણ એમાં થતી નથી. એ તો જડ છે. જેમ આ જડ છે ને. એમ આ કાન છે ને તે જડ, અનંત પરમાણુઓનો સ્કંધ છે. એ જડ એને દ્રવ્યેન્દ્રિય કહેવામાં આવે છે.

દ્રવ્યેન્દ્રિય જુદી, ભાવેન્દ્રિય જુદી અને અતીન્દ્રિયજ્ઞાન પણ જુદું. અત્યારે આ દ્રવ્યેન્દ્રિયને જીતવાની વાત ચાલે છે. કહે છે કે **અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે,** અનાદિકાળથી આત્માને પરની સાથે એકત્વબુધ્ધિ થતાં એને કર્મનો બંધ પણ થયો છે અને કર્મના ઉદય પણ આવે છે એ કર્મના ઉદયમાં જોડાય જાય છે. જોડાવું જોઈએ આત્મામાં એને બદલે બંધને વશ પોતે થઈ જાય છે. ઉદયમાં જોડાય છે.

**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે,** અનાદિકાળની આ બંધ-સ્થિતિ ચાલ્યા કરે છે. વશે, વશે, હોં! **જેમાં,** આહા! આમ કરતાં શું થયું? કે **જેમાં સમસ્ત સ્વ-પરનો વિભાગ અસ્ત થઈ ગયો.** આ સ્વ અને આ પર તેવું ભેદજ્ઞાન અસ્ત થઈ ગયું. બુધ્ધિ બિડાઈ ગઈ. એકત્વ કર્યું. આ જાણનાર તે હું અને જે જણાય છે તે હું નહીં એમ બે વચ્ચેની જુદાઈ હોવા છતાં પણ જે જણાય છે તેને પોતાનું માને છે, જે દેહાદિ જણાય, કર્મ જણાય, રાગ જણાય, ઈન્દ્રિયજ્ઞાન જણાય એ પર છે છતાં પણ તેને સ્વપણે માને છે તેને કહે છે કે **સમસ્ત,** બધા પ્રકારના સ્વ અને પર એનો વિભાગ વિશેષે કરીને ભાગલા પાડવાની શકિત બિડાઈ ગઈ છે. આહા!

તેવી રીતે, હાથી છે ને તેને ચૂરમાનો લાડવો આપે તોપણ એકલા લાડુ ન ખાય. ખડ હોય પાસે (તેને) આમ ભેળસેળ કરી, ખડ સમજે ખડ? ઘાસ. સૂકા ઘાસ થાય છે ને? તે ઘાસની સાથે ચૂરમાના લાડુ બને છે તેની સાથે ભેળસેળ કરીને તે ખાય છે. સમજયા? તો તેને ભેદજ્ઞાન કરવાની શકિત બિડાઈ

ગઈ છે. કે આ સારો માલ છે ને આ ખરાબ છે. તે બન્નેને (ઘાસ અને લાડુને) એકમેક કરીને ખાય છે. આહાહા!

અને હંસ હોય છે ને હંસ, રાજહંસ. તે દૂધ અને પાણીને જુદા કરીને દૂધને ગ્રહણ કરે છે અને પાણીને ત્યાગે છે, છોડી દયે છે. ગ્રહણ પૂર્વક ત્યાગ. ... એમ અનાદિકાળથી એ અજ્ઞાની આત્મા તે સ્વ અને પરને ભેદજ્ઞાન કરવાની શકિત બિડાઈ ગઈ છે. બિડાઈ ગઈ છે, શું? અસ્ત થઈ ગઈ છે. સ્વ અને પરની જુદાઈ હોવા છતાં પણ જુદાઈ દષ્ટિગોચર થતી નથી. તેનું નામ અજ્ઞાન છે. તે અજ્ઞાન બંધનું કારણ, સંસારનું કારણ છે. તેનું ભેદજ્ઞાન કેમ થાય તે વાત કાલ આવશે.

મુમુક્ષુ :- હજી વાંચો ને ભાઈ! ૧૫ મિનિટ.

ઉત્તર :- ના ના. ચાર ને વીસ થઈ ગઈ ને?

卐